પ્રાંતિજના જેનપુર અને બાલીસણા ગામે નાટકનુ આયોજન કરાયું

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના જેનપુર તથા બાલીસણા ગામે શ્રી લેખા વિવિધ લક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ તથા શકુંત વિવિધ લક્ષી ચેરીટેબલ ટ્રસ્ટ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગ થી આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત તથા વિશ્વરંગ ભૂમિદિન નિમિત્તે રોણી વિજાનંદ ઔતિહાસિક નાટકનો કાર્યક્રમ યોજાયો હતો જેમા બન્ને ગામના લોકોએ નાટક નિહાળ્યુ હતુ તો સંસ્થાના પ્રમુખ આર.બી.સુથાર અને બીપીનભાઈ પટેલ તથા મંત્રી મનુભાઈ પટેલ દ્વારા કાર્યક્રમને સફળ આવ્યો હતો

રાજસ્થાન તબીબ આપઘાત : મોડાસામાં તબીબોએ કેન્ડલ માર્ચ યોજી ન્યાયની માંગ કરી

રાજસ્થાનમાં મહિલા તબીબની આત્મહત્યાની ઘટનાને લઈને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન મોડાસા બ્રાન્ચ દ્વારા કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી. મોડાસાના સર્કિટ હાઉસથી આ કેન્ડલ માર્ચ યોજાઈ હતી, જે મોડાસા પંડિત દિન દયાળ સર્કલ ખાતે પહોંચી હતી, આ કેન્ડલ માર્ચમાં મોડાસા શહેરના તમામ તબીબો જોડાયા હતા. મોડાસા તબીબ એસોસિએશને માંગ કરી છે, મૃતક મહિલા તબીબ ડો.અર્ચના શર્માને જે લોકોએ આત્મહત્યા કરવા માટે દબાણ કર્યું તેવા લોકો સામે કડક કાર્યવાહી થાય અને મૃતક તબીબના પરિવારજનોને સહાય આપવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી. રાજસ્થાનમાં ડો.અર્ચના શર્માના આપઘાતના પ્રકરણમાં જવાબદારો સામે પગલાં ભરાય તેવી માંગણી ઈન્ડિયન મેડિકલ એસોસિએશનએ કરી છે. આ ઘટનાના વિરોધમાં સમગ્ર રાજયમાં વિરોધ પ્રદર્શન અને કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી, ડો.અર્ચના શર્મા કેસમાં જવાબદાર લોકોની તાત્કાલિક અસરથી ધરપકડ થવી જોઈએ અને ફાસ્ટ ટ્રેક કેસ ચલાવવામાં આવે તેવી પણ ઉગ્ર માંગ ઉઠી છે. આ વચ્ચે મોડાસા શહેરમાં તબીબોએ કેન્ડલ માર્ચ યોજી વિરોધ દર્શાવ્યો હતો.

પાલનપુરમાં પૂજ્ય સ્વામી લીલાશાહ મહારાજની ૧૪૨ મો જન્મજયંતી મહોત્સવ ઉજવાઈ

પાલનપુરમાં સ્વામી લીલાશાહ કુટીયા જન્મ જયંતી નિમિત્તે રવિવારે મહાઆરતી અને પદ્ભોગ અને સવારે હવન(દાંડિયા રાસ) ભજન સત્સંગ. બપોરે. ભંડારો પ્રસાદ સાંજે ભજન સત્સંગ અને મહા આરતી અને માવાનો કેક કાપીને જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે રાતે ભોજન પ્રસાદ અને (દાંડિયા રાસ) સિંધી સમાજ અને ખત્રી સમાજના લોકોએ સ્વામી લીલાશાહ જન્મ જયંતી ધામધૂમથી કરવામાં આવી હતી. પાલનપુર સ્વામી લીલાશાહ કુટીયા ના ટ્રસ્ટીઓ અને સ્વામી લીલાશાહ સેવા સમિતિ દ્વારા કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવી હતી.

પેટ્રોલ ડીઝલ ગેસ અને તેલ નાં ભાવ વધારાના વિરોધમાં સાબરકાંઠામાં કૉંગ્રેસ દ્વારા રેલી કાઢી વિરોધ

સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી દ્વારા પેટ્રોલ ડીજલ તેલ અને જરૂરી ચીજ વસ્તુઓ નાં ભાવ વધારાના વીરોધ માં મોઘવારી મુક્ત ભારત અભિયાન અંતર્ગત આજે હિંમતનગર માં કોંગ્રેસ દ્વારા રેલી કાઢી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જીલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે થી ટાવરચોક સુધી બેનરો ખાલી તેલના ડબ્બા અને પ્લેકાર્ડ લઈ ભારે સૂત્રોચાર કરી રેલી કાઢી સરકારને ભીંસ માં લેવાનો પ્રયાસ કર્યો હતો વિરોધ પ્રદર્શન કરી રહેલા સાઈઠ થી વધુ કોંગ્રેસી કાર્યકર્તાઓની પોલીસ દ્વારા ટાવર ચોક પોહચતા અટકાયત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ માં પ્રદેશ કોંગ્રેસ નાં મહામંત્રી ઠાકોર ઈમરાન રામભાઈ સોલંકી જીલ્લા ઉપપ્રમુખ સુરેશ પટેલ તાલુકા પ્રમુખ રાજેન્દ્રસિંહ અશોક પટેલ અનિલ પંડયા શહેર પ્રમુખ પ્રિયવદન પટેલ મહીલા પ્રમુખ જ્યોતિબેન દવે કમળાબેન પરમાર પારસબેન ઝાલા કુમાર ભાટ ઈમરાન બાદશાહ મિડીયા કન્વીનર યુસુફ બ્ચ્ચા વિગેરે કોંગ્રેસનાં હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા.

પાલનપુરમાં રેલવેના ટ્રેક પર જ સ્થાનિક મહિલાઓ પાણી ભરવા અને કપડાં ધોવા આવે છે..!

પાલનપુરમાં લાખો રૂપિયાના ખર્ચે રેલવે સ્ટેશનનું નવીનીકરણ હાથ કરવામાં આવ્યું છે . જો કે છેલ્લા કેટલાક સમયથી રેલવે સ્ટેશન આસપાસ પીવાના પાણીની મુશ્કેલી સર્જાતા લોકો જીવ જોખમમાં મૂકી રેલવેના પાટા ઓળંગી રેલવેના પ્લેટફોર્મ પર જ સ્થાનિક મહિલાઓ કપડાં ધોવા આવે છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે , રેલ્વે સ્ટેશનની પાછળના ડોક્ટર હાઉસ સામેના સ્લમ વિસ્તારમાં પાણીની કોઈ સુવિધા ન હોવાથી મહિલાઓ આ રીતે રેલવે સ્ટેશન પર આવી જાય છે. જ્યારે કેટલીક મહિલાઓ પીવાનું પાણી ભરવા પણ રેલવે સ્ટેશન પર આવે છે.

ઉનાળો આગ ફૂંકવા લાગતાં પાણી માટે વલખાં

પોશીના તાલુકાના ગામડાઓમાં પાણીના એક બેડા માટે ૩ કી.મી.નો રઝળપાટ

ટેબડા, નવામોટા, ખરણીયા, દેમતી, ચાંગોદ વિસ્તારમાં પાણીનાં વલખાં : પીવાના પાણીનું સંકટ પરંતુ તંત્ર નિષ્ક્રિયટેક્કર શરુ કરવાં પડે તેવી સ્થિતિ

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૩

સાબરકાંઠાના પોશીના તાલુકાના ઉંડાણના ગામોમાં પીવાના પાણીનું સંકટ ઘેરું બન્યું છે. પાણીના એક બેડા માટે મહિલાઓને ૩ કી.મી. દૂર રઝળપાટ કરવાની નોબત આવી છે. તાલુકાના ટેબડા, નવામોટા, બરણીયા, દેમતી અને ચાંગોદ સહિતના વિસ્તારના અનેક ગામડાઓમાં પીવાના પાણી માટે પ્રજાને દૂર દૂર ભટકવાની નોબત આવી છે. કાળઝાળ ઉનાળો શરુ થતાં આ વિસ્તારમાં પ્રજા તો ઠીક પરંતુ મૂંગા પશુધનને પણ પીવાના પાણીનાં વલખાં પડે તેવી સ્થિતિ ઉભી થઈ છે.

નબળા ચોમાસાની વિદાય થઈ ત્યારથી જ જિલ્લાના પોશીના પંથકમાં પીવાના પાણીની સમસ્યા શિયાળાથી જોવા મળશે તેવી આશંકા હતી. શિયાળાની મેરેથોન ઈનિંગ દરમ્યાન પોશીનાના ટેબડા, ચાંગોદ, દેમતી, નવામોટા અને ખરણીયા ગામમાં પાણીના પોકાર પડતા રહ્યા પરંતુ સ્થાનિક તંત્રના બહેરાકાને તે સાંભળ્યું ન હતું. જે તે સમયે જિલ્લા કક્ષાએ પીવાના પાણીની સમસ્યા અંગે યોગ્ય રજૂઆત થઈ હોત તો સંભવ છે કે ઉનાળાના આરંભે જ આ વિસ્તારોમાં ટેકરો મારફતે પીવાનું પાણી મળ્યું હોત પરંતુ તે શક્ય બન્યું નથી, છેલ્લા ૫ દિવસથી સમગ્ર પંથક હિટવેવના સકંજામાં આવી ગયો છે અને પરિવારની મહિલાઓને સવાર થી સાંજ દૂર દૂર સુધી ૩ કિમી, રઝળપાટ કરી પરિવારના સભ્યોની તરસ છીપાવવાની નોબત આવી છે. એક તરફ રાજ્ય સરકાર દ્વારા આદિવાસી એરીયામાં વિકાસના અઢળક કામ થયાના દાવા થયા છે અને અનેક વિસ્તારની પ્રજાને તેનો સારો ફાયદો થયો છે પરંતુ પોશીના વિસ્તારના અનેક ગામડામાં આજે પણ પાણી મુદ્દે ૧૮મી સદી કરતાં પણ વિકટ સ્થિતિ હોવાનું બિહામણું ચિત્ર સામે આવતાં જિલ્લા વહીવટી તંત્ર અને સ્થાનિક પુરવઠા વિભાગ ઉપર પસ્તાળ પડે તેવી સ્થિતિ છે.

પાણી ભરવા માટે રાત્રિ દરમ્યાન લાગતી લાઈનો..

પોશીના તાલુકાના અંતરીયાળ ગામડાઓમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સામે આવી છે છતાં એ.સી. ચેમ્બરમાં આરામ ફરમાવતા પાણી પુરવઠા વિભાગના અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી. મળેલ જાણકારી અનુસાર પંથકના ગામડાંની પ્રજા પાણી ભરવા માટે દૂર દૂર સુધી રાત્રે પણ લાઈનો લગાવે છે અને ક્યારેક બેડા યુદ્ધ જેવી સ્થિતિ પણ જોવા મળી છે.

પશુપાલકોને ઘાસની નહીં પણ પાણીની સતાવતી ચિંતા

પોશીના તાલુકાના ગામડાઓમાં ઉનાળાના આરંભ સાથે જ પાણીની સમસ્યા વિકરાળ બનવા જઈ રહી છે. પાણીના એક બેડા માટે મહિલાઓને દૂર દૂર સુધી ભટકવાનો વારો આવ્યો છે તેમાંય પાણીની ચિંતાએ પશુપાલકો વધુ વ્યથિત બન્યા છે. હાલમાં પશુઓ માટે ઘાસની નહીં પરંતુ પીવાના પાણીની સમસ્યા સતાવી રહી છે.

જુથ યોજનાનાં પાણી પણ પ્રજાના નસીબમાં નથી

પોશીના તાલુકાના ઉંડાણના ગામડાઓમાં ઉનાળાના આરંભ સાથે પાણીની વિકરાળ સમસ્યા ઉભી થઈ રહી છે. નલ સે જલ યોજના ઝાંઝવાના જળરુપ બની રહ્યા પછી ડુંગરાળ વિસ્તારોમાં જૂથ યોજનાનાં પાણી પણ પ્રજાના નસીબમાં ન હોવાથી હાલાકી છે.

ગણેર ગામની રજૂઆત આવી છે — જિલ્લા કલેક્ટર

જિલ્લા કલેક્ટર હિતેષ કોયાએ જણાવ્યું કે પોશીના તાલુકાના ગણેર વિસ્તારમાં પાણીની સમસ્યા અંગેની રજૂઆત મળી છે અને આ અંગે પાણી પુરવઠા વિભાગને ધ્યાન દોરવામાં આવ્યું છે.

બાલટા ગ્રામ પંચાયતને ખુદ પંચાયતના સત્તાધિશોએ તાળાં મારતાં હલચલ

કોમ્યુટર ઓપરેટર, તલાટીની કામગીરી સામે રોષ

બાયડ (બ્યુરો એફિસ) તા.૦૩

વિજયનગર તાલુકાની બાલટા ગ્રામ પંચાયતને ખુદ સરપંચ અને અન્ય પદાધિકારીઓએ

ભેગા મળી તાળાબંધી કરતાં હલચલ મચી છે. કોમ્યુટર ઓપરેટર પાસે સરપંચે કામગીરીનો રિપોર્ટ માગ્યા પછી મામલો ગરમાયો જેમાં તલાટીએ પણ ઓપરેટરનો પક્ષ લીધા પછી બંને જવાબદાર કર્મચારીઓ ગ્રામ પંચાયત છોડી રવાના થઈ જતાં આખરે તાળાબંધીના નિર્ણય લેવામાં આવતાં આ મુદ્દો ટોક ઓફ ધ ડીસ્ટ્રીક્ટ બની રહ્યો છે.

પ્રાપ્ત જાણકારી મુજબ તાલુકાની બાલટા ગ્રામ પંચાયતમાં તાજેતરમાં ગ્રામસભા યોજાઈ હતી ત્યારબાદ સરપંચ અળખાજી ગામેતીએ પંચાયતમાં ફરજ બજાવતા કોમ્યુટર ઓપરેટર મહેન્દ્ર નિનામા પાસે છેલ્લા ૨ મહિનાનો રિપોર્ટ માગતાં બંને પક્ષો મામલો ગરમાયો, પંચાયતના અન્ય હોદેદારોની ઉપસ્થિતિમાં સરપંચ દ્વારા પ્રજાની સમસ્યા તેમજ પડતર પ્રશ્નોનો ઉકેલ આવ્યો છે કે નહીં તે જાણવાના પ્રયાસરુપે રિપોર્ટ માગતાં ઓપરેટર સરપંચ ઉપર ગીન્નાઈ ગયો હતો, અન્ય પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ગ્રામ પંચાયતના તલાટી હિતેષ ખરાડીએ પણ ઓપરેટરનો પક્ષ લીધો હતો જેથી પંચાયતમાં થયેલ કામગીરી બાબતે તમામે ખુલાસો માંગતાં કોમ્યુટર ઓપરેટર ઉશ્કેરાઈ ગયો હતો અને સરપંથની સાથે ચાવી ફેંકી રવાના થઈ ગયો હતો. ત્યારબાદ તલાટીએ પણ ગ્રામ પંચાયતમાંથી ચાલતી પડકતાં ખુદ સરપંચ અને અન્ય સભ્યો પણ ઓપરેટર તેમજ તલાટીના વર્તનથી થકી ઉઠશા હતા. બંને જવાબદાર કર્મચારીઓએ સાચી હકીકત સરપંચ સમક્ષ રજૂ કરવાને બદલે મનસ્વી રીતે વર્તાવ કરતાં તેના ઘેરા પ્રત્યાઘાત પડચી છે. આ મુદ્દે સરપંચ દ્વારા ટી.ડી.ઓ ને પણ લેખિત રજૂઆત કરવામાં આવી હતી અને કોમ્યુટર ઓપરેટર દ્વારા સરપંચ દ્વારા પૂછવામાં આવેલ ખુલાસાનો કોઈ જવાબ આપ્યો ન હતો અને ઉલ્ટાનું સરપંચ તેમજ અન્ય પદાધિકારીઓ સામે ગેરવર્તાવ કરી ચાવી ફેંકી દેતાં આખરે સરપંચ સહિત અન્ય સભ્યોએ ગ્રામ પંચાયતને તાળા મારી દેતાં સમગ્ર પંથકમાં આ મુદ્દે હલચલ મચી છે.

પંચાયતની બોડી સામે ઓપરેટરે ચાવી ફેંકી દીધી - સરપંચ

વિજયનગરની બાલટા ગ્રામ પંચાયતમાં તાળાબંધી કરવામાં આવતા સનસનાટી મચી છે. ગ્રામ પંચાયતના સરપંચ અળખાજી ગામેતીએ જણાવ્યું કે ઓપરેટર પાસે બે મહિનાની કામગીરીનો રિપોર્ટ માગતાં તે ઉશ્કેરાઈ ગયો હતો અને પંચાયતની બોડી સામે ચાવી ફેંકી રવાના થઈ જતાં આખરે પંચાયતને જ તાળાં મારવાની ફરજ પડી છે.

નિવૃત્ત આર્મી જવાનની ભવ્ય શોભાયાત્રા

અરવલ્લીના અણીયોર ગામે દેશની રક્ષા કરી નિવૃત્ત થયેલ સૈનિકનું ગામમાં ભવ્ય સ્વાગત

મોડાસા, તા. ૩

માં ભોમની રક્ષા કરી આર્મી જવાન તરીકે દેશની સરહદોના રખોપા કરતા ૧૭ વર્ષની યશસ્વી સેવા આપી નિવૃત થયેલા અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના અણીયોર ગામના

મનોજ કુમાર નાનજીભાઈ પરમાર તેમના માદરે વતન પહોંચતા પરિવારજનો અને ગ્રામજનો મોટી સંખ્યામાં પહોંચી દેશભક્તિના ગીત-સંગીત સાથે ભવ્ય શોભાયાત્રા કાઢી ભવ્ય સ્વાગત કરવામાં આવતા સમગ્ર ગામ દેશભક્તિના રંગે રંગાયું હતું નિવૃત્ત આર્મી જવાનને સન્માનિત કરવા મોટી સંખ્યામાં સગા-સબંધી અને સ્થાનીક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા નિવૃત્ત આર્મી જવાન મનોજ ભાઈ પણ ઉમળકાભેર આવકાર જોઈ ઝૂમી ઉઠ્યા હતા. અણીયોર ગામના મનોજ પરમાર યુવાન વયે માં-ભોમની રક્ષા કરવા આર્મીમાં જોડાયા હતા સતત ૧૭ વર્ષ સુધી દેશની વિવિધ સરહદ પર ફરજ બજાવી મધ્યપ્રદેશના અહેમદનગરથી નિવૃત્ત થયા હતા રવિવારે માદરે વતન અણીયોર પહોંચતા ગ્રામજનોએ અને પંથકના લોકોએ સામૈયુ કરી ખુલ્લી જીપમાં દેશભક્તિની સુરાવલીઓ વચ્ચે વાજતે-ગાજતે ઉમળકાભેર સ્વાગત કરી શોભાયાત્રા કાઢી હતી જેમાં મોટી સંખ્યામાં દેશપ્રેમીઓ જોડાયા હતા તેમના સન્માન સમારોહમાં પરિવારજનો, સગા-સબંધીઓ ,ગ્રામજનોએ અને આગેવાનોએ ફૂલહાર કરીને અને શાલ ઓઢાડીને બહુમાન કર્યું હતું.ગામના સૌ આગેવાનો-પરિવારજનોએ પણ તેમનું ફુલહારથી સ્વાગત કર્યું હતું.તેમની દેશ સેવાઓને બિરદાવી હતી. અને શુભકામનાઓ પાઠવી હતી.આ પ્રસંગમાં સમગ્ર ગામ દેશભક્તિના હિલોળે ચડ્યું હતું.ગામમાં ઉત્સવનો માહોલ સર્જાયો હતો. નિવૃત્ત આર્મી જવાન મનોજ પરમારે સ્વાગત - સન્માનનો પ્રત્યુત્તર આપતા જણાવ્યું હતું કે દેશની સેવામાં સરહદો સાચવવા જોડાવા ઈચ્છતા મારા ગામના યુવાનોને હું આ જરૂરી તમામ માર્ગદર્શન આપીશ અને સેવામાં જોડાવા આહવાન કરું છુ.આજે મારું ગ્રામજનોએ જે ઉષ્માભર્યું ભવ્ય સવાગત-સન્માન કર્યું તે માટે ગામના આગેવાનો, યુવાનો, સૌ ગ્રામજનોનો આભાર વ્યક્ત કર્યો હતો.

ડીસા જૈનવિહાર ધામ ખાતે

નવ નિયુકત સરપંચ ઉપસરપંચોનો સન્માનિત કાર્યક્રમ યોજાયો : સાંસદો સહિત ધારાસભ્ય ઉપસ્થિત રહ્યા

ડિસા, તા. ૩

બનાસકાંઠા જીલ્લા ક્ષત્રિય સમાજ દ્વારા ડીસા તાલુકાના નવનિયુકત સન્માનનીય સરપંચો ડેપ્યુટી સરપંચોનો સન્માન સમારોહ

વર્ધમાન જૈન વિહાર ભીલડી રોડ આખોલ ચાર રસ્તા ડીસા ખાતે બનાસકાંઠાના સાંસદ પરબતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો જેમાં મુખ્ય આયોજક તરીકે બહાદુરસિંહ વાઘેલા ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી અખિલ ભારતીય ક્ષત્રિય મંચ દિલ્હીવાળા રહ્યા હતા

કાર્યક્રમમાં ઉપસ્થિત ક્ષત્રિય સમાજના અગ્રણી બહાદુરસિંહ વાઘેલા દ્વારા ઉમળકાભેર આવકાર આપીને તથા બાળાઓ દ્વારા કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ આવનારા તમામ મહાનુભાવો અને મહેમાનોનું પુષ્પગુચ્છ અને સાફો પહેરાવી ફુલહાર પહેરાવી ગુજરાત ક્ષત્રિય સમાજના અધ્યક્ષ બહાદુરસિંહ વાઘેલા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું જેમાં રાજ્યના શિક્ષણમંત્રી કિર્તીસિંહ વાઘેલા, બનાસકાંઠા સાંસદ પરબતભાઈ પટેલ, પાટણના સાંસદ ભરતસિંહ ડાભી રાજ્યસભા સાંસદ જુગલજી ઠાકોર રાજ્યસભા સાંસદ દિનેશભાઈ અનાવાડિયા જિલ્લા ભાજપ પ્રમુખ બનાસકાંઠાના ગુમાનસિંહ ચૌહાણ પ્રદેશ ભાજપ પ્રમુખ ભાજપ અને પ્રભારી બનાસકાંઠા નંદાજી ઠાકોર, ડીસા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયા બનાસકાંઠા ભાજપના પ્રભારી સુરેશભાઈ શાહ એપીએમસી ચેરમેન માવજીભાઈ દેસાઈ ભારતસિંહ ભટેસરીયા ડાહ્યાભાઈ પિલીયાતર કૈલાશ ભાઈ ગેલોત,મેરૂજી ધૂએ સહિત નામી અનામી મહાનુભાવો,હોદેદારો આગેવાનોનું કાર્યક્રમના આયોજક બહાદુરસિંહ વાઘેલા દ્વારા સાફો પહેરાવી ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ અને જગતજનની મા અંબાની ફોટો ફ્રેમ આપી ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ ચૂંટાયેલા નવનિયુકત સરપંચ અને ડેલીગેટો દ્વારા કાર્યક્રમના આયોજક બહાદુરસિંહ વાઘેલાનું સાફો પહેરાવી ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ આપી ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો અને મહેમાનો સહિત બહાદુરસિંહ વાઘેલા દ્વારા દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું ત્યારબાદ બાળાઓ દ્વારા ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ ભવ્ય સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું ત્યારબાદ ઉપસ્થિત નવનિયુકત સરપંચ અને ઉપસરપંચ સહિત ડેલીગેટનુ ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડયા દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું આ વિશાળ સન્માન સમારોહ અને શક્તિ પ્રદર્શન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ક્ષત્રિય સમાજના આગેવાનો યુવાનો તેમજ આબાલવૃદ્ધ સૌ ઉપસ્થિત રહ્યા હતા

હિંમતનગરના ભાવપુર ગામ ખાતે ડૉ. આંબેડકરની પ્રતિમાનું અનાવરણ કરાયું

સમાજનો વિકાસ શિક્ષણ વિના શક્ય નથી : મંત્રી પ્રદિપભાઇ પરમાર

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના ભાવપુર ગામે નવગામ વણકર સમાજ દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમાના અનાવરણનો કાર્યક્રમ સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમારની અધ્યક્ષતમાં યોજાયો હતો. પ્રાસંગિક ઉદ્બોધન કરતા મંત્રી શ્રી પ્રદિપભાઈ પરમારે જણાવ્યું હતું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરે સમાજને સંગઠીત બનવા, શિક્ષત બનવા અને સંઘર્ષ કરવા કહ્યુ હતું પરંતુ આજના સમયમાં સમાજના લોકો શિક્ષિત બન્યા છે પરંતુ સંગઠનનો અભાવ જોવા મળી રહ્યો છે. જયાં સુધી સમાજ એકત્ર નહિ થાય ત્યાં સુધી વિકાસ શક્ય નથી વધુમાં તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ એ સમાજના વિકાસનો પાયો છે. જયાં સુધી શિક્ષણ નહી ત્યાં સુધી સમાજનો વિકાસ નહી થાય તે બાબત પર ભાર મુક્યો હતો. તેમણે સમાજના આગેવાનોને આત્મમંથન કરવાની જરૂર હોવાનું જણાવતા કહ્યુ હતુ કે, જયાં સુધી સમાજને કંઈ આપવાની ભાવના પેદા નહિ થાય ત્યાં સુધી સમાજ પરીવર્તન આવશે નહિ.

મંત્રીશ્રીએ તેમના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગમાં લાવેલા આમૂલ પરીર્વતનની વાત કરતા જણાવ્યું હતું કે, અત્યાર સુધી આ વિભાગ દ્વારા ૭૦થી વધુ જૂના નિયમોમાં પરીર્વતન લાવવામાં આવ્યું છે જેથી સમાજના દિકરા-દિકરીઓને ઉચ્ચ શિક્ષણની તકોમાં વધારો થયો છે. તેમણે રાજય સરકાર દ્વારા અમલી આરોગ્યની તથા સમાજ ઉત્કર્ષની વિવિધ યોજનાઓનો લાભ લેવા સમાજવાસીઓને અનુરોધ કર્યો હતો. મંત્રીશ્રીએ સમગ્ર ઉત્તર ગુજરાતના વણકર સમાજના પરગણાઓને એકત્ર કરવાનું જે ભગીરથ કાર્ય હાથ ધરાયું છે તેમને પણ અભિનંદન પાઠવ્યા હતા.

આ પ્રસંગે મહાનુભવો દ્વારા ડૉ. આંબેડકરની પ્રતિમાની અનાવરણ કરાયા બાદ ફૂલહાર દ્વારા પુષ્પાજંલિ અર્પી હતી.

પ્રતિમા અનાવરણ પ્રસંગે હિંમતનગરના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી વિનોદભાઈ પટેલ, સમાજના અગ્રણી શ્રી ગોવિંદભાઈ કાપડીયા, બાબુભાઈ વણકર, સવજીભાઈ પ્રણામી, જીતુ ચાવડા, લલિતભાઈ પ્રણામી સહિત અન્ય સામાજીક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.